નવી સેવા - ૨૦૧૫-૧૬

પોલીસ અધીક્ષક,પશ્ચિમ રેલવે,અમદાવાદ યુનિટ માટે બોમ્બ ડીટેક્શન એન્ડ ડીસ્પોઝલ સ્ક્વોર્ડ (B.D.D.S.)ઉભી કરવા માટે વિવિધ સંવર્ગની છ જગ્યાઓ મંજુર કરવા બાબત (આયોજન)

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક: મહક-૧૦૨૦૧૪-૪૪૬૩-સ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૧૮/૦૫/૨૦૧૫

વંચાણમાં લીધાઃ-

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગરની કચેરીનો તા.૨૯/૧૧/૨૦૧૪નો પત્ર ક્રમાંક:ઇ/૧૫૩૬/નવી સેવા/૨૦૧૫-૧૬/૨૫૭૨/૨૦૧૪.

(૨) વર્ષ:૨૦૧૫-૧૬ના અંદાજપત્ર પ્રકાશન નંબર -૧૨ પાના નંબર-૧૬૨.

ઠરાવ :

અમદાવાદ શહેરના રેલવે સ્ટેશનને સલામતી અને સુરક્ષા માટે પોલીસ અધીક્ષક, પશ્ચિમ રેલવે યુનિટ અમદાવાદની કચેરી માટે બોમ્બ ડીટેક્શન એન્ડ ડીસ્પોઝલ સ્ક્વોર્ડ (B.D.D.S.)ઉભી કરવા માટે પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરએ ઉપર વંચાણે લીધેલ ક્રમ-૧માં દર્શાવેલ તા.૨૯/૧૧/૨૦૧૪ના પત્રથી દરખાસ્ત કરેલ.

પુખ્ત વિચારણાને અંતે પોલીસ અધિક્ષક, પશ્ચિમ રેલવે, અમદાવાદ યુનિટની કચેરી માટે બોમ્બ ડીટેક્શન એન્ડ ડીસ્પોઝલ સ્ક્વોર્ડ (B.D.D.S.)ઉભી કરવા માટે માટે વિવિધ સંવર્ગની કુલ ૬ (છ) જગ્યાઓના મહેકમ ખર્ચ માટે રૂ.૮,૦૦,૦૦૦/- તેમજ વાહન ખર્ચ માટે રૂ. ૧૧,૦૦,૦૦૦/, ફર્નિચર ખર્ચ માટે રૂ.૧,૦૦,૦૦૦/- અને કચેરી ખર્ચ / યુનિફોર્મ ખરીદવા રૂ.૧,૦૦,૦૦૦/- મળીને કુલ રૂ. ૨૧,૦૦,૦૦૦/-(અંકે રૂપીયા એકવીસ લાખ પુરા)ની જોગવાઇ વર્ષ ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં નવી સેવા હેઠળ કરવામા આવેલ છે તથા નીચે મુજબની નવી જગ્યાઓ ઉભી કરી તા. ૨૯/૨/૨૦૧૬ સુધી આ જગ્યાઓ ચાલુ રાખવાની અને ભરવાની નીચે દર્શાવેલ શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| અ.નં | હોદ્દો | જગ્યાની સંખ્યા | પગારધોરણ | ગ્રેડ-પે |
|---|---|---|---|---|
| ૧ | હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર | 0૧ | ૯૩૦૦-૩૪૮૦૦(ફિક્સ-૧૩,૭૦૦) | ૪૪૦૦ |
| ૨ | હથિયારી હેડ કોન્સ્ટેબલ | 0૧ | ૫૨૦૦-૨૦૨૦૦(ફિક્સ-૭૮૦૦) | ૨૦૦૦ |
| ૩ | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | 0૩ | ૫૨૦૦-૨૦૨૦૦(ફિક્સ-૭૮૦૦) | ૧૮૦૦ |
| ૪ | હથિયારી ડ્રાઇવર પોલીસ કોન્સ્ટેબલ/ડોગ હેન્ડલર | 0૧ | ૫૨૦૦-૨૦૨૦૦(ફિક્સ-૭૮૦૦) | ૧૮૦૦ |
| | કુલ જગ્યાઓ | 0૬ | | |

1. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે
2. પ્રસ્તુત ખર્ચ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.
3. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
4. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
5. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
6. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે
7. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/0૨/૨00૬ અને સામાન્ય વહિવટ વિભાગના તા.0૪/0૬/૨00૯ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.
8. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી-૨00૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગાંધીનગરની રહેશે.
9. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/0૩/૨00૫ના ઠરાવ ક્રમાંક :નપન/૨00૩/જીઓઆઇ/૧૦(પા.ફા)

ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા. ૦૧/૦૪/૨૦૦૫થી દાખલ કરવામાં
આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

10. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે પોલીસ
મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગાંધીનગરે જોવાનું રહેશે. આ
જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે

11. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો
અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

12. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ
કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ

13. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો
રહેશે.

14. આ નવી મંજૂરી કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની
મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય
તો પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગાંધીનગરએ
જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પુરી થતા પહેલાના એક માસ અગાઉ
વિભાગને રજુ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

15. વાહનની ખરીદી બંદર અને વાહન વ્યવહાર વિભાગના તા. તા.૨૪/૦૯/૨૦૦૮ના
ઠરાવ ક્રમાંક:જીટીએસ/૧૦૨૦૦૬/યુઓ-૮/ઘ,ની જોગવાઇ અને શરતોને અનુસરીને
જે તે નાણાકીય વર્ષ દરમિયાન કરવાની રહેશે.

16. વાહનની ખરીદી બંદર અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ
નીતિ અનુસાર જ વાહન ખરીદીવાનું રહેશે તે સિવાયનું વાહન કરીદવાનું રહેશે
નહિ.

17. નવા વાહનની ખરીદી કન્ડમ વાહન સામે કરવાની હોય તો કન્ડમ કરેલ વાહનની
નિયત પ્રક્રીયા અનુસાર જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા
કરાવવાની રહેશે.

18. બંદર અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૦૯/૨૦૦૮ના ઠરાવ પ્રમાણે ખરીદેલ
વાહનને પેટ્રોલ સંચાલિક હોય તો તેને સી.એન.જી.માં રૂપાંતર કરાવવાની વિભાગની
જવાબદારી રહેશે.

19. આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રવંતમાન ખરીદ
નીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

20. બોમ્બ ડિટેકશન એન્ડ ડીસ્પોઝલ સ્કવોડ ટીમ માટે રૂ.૧૧/- લાખની મર્યાદામાં એક
વાહન નિયત ખરીદી પદ્ધતિ અનુસર ખરીદવાની મંજૂરી આપવામાં આવે છે.

21. [illegible] માટે રૂ.૧/- લાખની તેમજ કચેરી ખર્ચ અને ફર્નિચર વગેરે માટે રૂ.[illegible] લાખની વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

22. આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતોની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

23. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/પ.માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ વર્ષ:૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇ મુજબ મુખ્ય સદર : ૨૦૫૫-પોલીસ, પેટા મુખ્ય સદર:00, ગૌણ સદર:૧૦૯- જિલ્લા પોલીસ, પેટા સદર :0૧-MEP-૬- જિલ્લા પોલીસ ખુદ હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંક ની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગની તા.૧૨/૦૫/૨૦૧૫ની નોધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.બી.ગોસાઇ)
સેક્શન અધિકારી,
ગૃહ વિભાગ

પ્રતિ,

- મહામહિમ રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧ સચિવાલય, ગાંધીનગર
- માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત પોલીસ હાઉસીંગ કોર્પોરેશન, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી સી.આઇ.ડી. ક્રાઇમ એન્ડ રેલવે. પોલીસ ભવન, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(કાયદો અને વ્યવસ્થા) ગુજરાત રાજ્ય,પોલીસ ભવન, ગાંધીનગર.

- અધિક પોલીસ મહાનિદેશક (વહીવટ) ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (ક.ગ) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે પોલીસ કમિશ્નરશ્રી,
- અધિક મુખ્ય સચિવશ્રી નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ,
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, રાજકોટ/અમદાવાદ
- પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ રેલવે અમદાવાદ યુનિટ. અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિન્ડડ ફંડ, ગુજરાત રાજ્ય, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, નાણા વિભાગ/ઝ-૧-શાખા, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, ગૃહ વિભાગ, વ શાખા, બજેટ શાખા સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેકટ ફાઇલ/ના.સે.અધિકારી સિલેકટ ફાઇલ
- વર્ષ ૨૦૧૫-૧૬ નવી બાબત સિલેક્ટ ફાઇલ